# શ્રી માતર તીર્થનો ઈતિહાસ

## ઉત્પત્તિ : વિકાસ : અને જિર્ણોદ્ધાર

વિ. સં. ૨૦૧૦

નકલ ૨૦૦૧

: પ્રકાશક :

શ્રી માતર સાચાદેવ તીર્થકમીટીની વતી

**જીવણલાલ છોટાલાલ ઝવેરી**

C/O. શ્રી સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળા,

ઠે. દોસીવાડાની પોળ : અમદાવાદ

મૂલ્ય – ચાર આના.

## આ પ્રકાશન અંગે

### નિવેદન

●

વિ. સં. ૧૯૯૭ માં પ્રગટ થયેલા શ્રી '**માતર તીર્થ વર્ણન**' નામની પુસ્તિકાનો આધાર લઈને તેમ જ પૂછપરછ વગેરે દ્વારા પણ વિગતો મેળવીને, '**શ્રી માતર તીર્થનો ઈતિહાસ**' નામની આ લઘુ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. વિ. સં. ૧૯૯૭ પહેલાં માતરનિવાસી એક ગૃહસ્થે પણ શ્રી માતર તીર્થના વર્ણનની પુસ્તિકા છપાવી હતી, એટલે આ તીર્થના પવિત્ર ઈતિહાસને છતો કરનારી આ ત્રીજી પુસ્તિકા છે.



શ્રી માતર તીર્થના ભવ્ય શ્રી જિનમંદિરના આગલા ભાગનું એક દૃશ્ય.


**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

# શ્રી માતર તીર્થનો ઈતિહાસ

## ઉત્પત્તિ : વિકાસ : અને જિર્ણોદ્ધાર.

**પ્રવેશક—**

આ તીર્થ ઓગણીસમી સદીનો પણ અર્ધ ભાગ વ્યતીત થઈ ગયા બાદ અસ્તિત્વમાં આવેલું છે. આ પહેલાં, આ ગામમાં એક નાનકડું શ્રી જિનમન્દિર હતું, જેમાં ભગવાન શ્રી [1]મુનિસુવ્રતસ્વામિજી મૂળનાયક તરીકે વિરાજમાન હતા; પણ તે વખતે આ ગામ તીર્થ તરીકે ઓળખાતું નહોતું.

આ ગામ તીર્થ તરીકે અસ્તિત્વમાં આવ્યું, એમાં મુખ્ય કારણ અધિષ્ઠાયક દેવની અભિલાષા જ છે. અધિષ્ઠાયક દેવની અભિલાષાના કારણે અસ્તિત્વમાં આવેલું આ તીર્થ, અર્વાચીન હોવા છતાં પણ ટૂંક કાળમાં અતિ પ્રસિદ્ધિને પામ્યું, એમાં પણ કારણ અધિષ્ઠાયક દેવની કામગીરી જ છે. એટલે, આ તીર્થનો ઈતિહાસ ચમત્કારિક ઘટનાઓનો એક સમૂહ છે.

આજના કાળમાં, ચમત્કારની વાતો પ્રત્યે ઘણા લોકો અશ્રદ્ધા દાખવે છે અને તદ્દન સત્ય એવી પણ ચમત્કારપૂર્ણ દૈવી ઘટનાઓને, ' શ્રદ્ધાળુ ભક્તોએ માત્ર ઉપજાવી કાઢેલી

---

૧. આ શ્રી મુનિસુવ્રતસ્વામિજી ભગવાનની મૂર્તિ, હાલમાં, શ્રી જિનમન્દિરની ભમતીમાં ૪૨ મા નંબરની દેરીમાં વિરાજે છે.

ઘટનાઓ ’ તરીકે માની લેવાની ભૂલ કરે છે. પરન્તુ આ તીર્થને અંગે જે જે ચમત્કારપૂર્ણ દૈવી ઘટનાઓ બનવા પામી છે, તે તે ઘટનાઓને બન્યે હજુ લાંબો કાળ વહી ગયો નથી. એ ચમત્કારપૂર્ણ પ્રસંગોને નજરે નિહાળનારાઓને પરલોક ગયે કાંઈ સેંકડો વર્ષો વહી ગયાં નથી અને એમના વારસો આજે પણ વિદ્યમાન છે. આ ચમત્કારપૂર્ણ ઘટનાઓ વિષેની ખાત્રી, ભૂતકાલીન ચમત્કારપૂર્ણ દૈવી ઘટનાઓના વિષયમાં પણ, શ્રદ્ધા પેદા કરનારી બને એ શક્ય છે. એટલે, આ તીર્થને અંગે જે કાંઈ પણ ચમત્કારપૂર્ણ ઘટનાઓ બનવા પામેલી છે, તે ઘટનાઓની વિગતો રજૂ કરવામાં આવે છે.

આ તીર્થમાં મૂળનાયક ભગવાન તરીકે વિરાજમાન ભગવાન શ્રી સુમતિનાથસ્વામિજીના શ્રી જિનબિમ્બની જ્યારથી આ ગામમાં પધરામણી થવા પામી, ત્યારથી જ આ શ્રી જિનબિમ્બ, જૈનોની જેમ જૈનેતરોમાં પણ “ સાચા દેવ ” તરીકેની ખ્યાતિને પામેલું છે. શ્રી માતર તીર્થને લોકો “ સાચા દેવના તીર્થ ” તરીકે ઓળખે છે. જૈન-જૈનેતરોમાં પ્રચલિત આવા પ્રકારની આ તીર્થની ખ્યાતિ, એ પણ આ તીર્થને અંગેની ચમત્કારપૂર્ણ ઘટનાઓની સાક્ષીભૂત છે. આમ તો, સઘળા ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોને અને એથી ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં સઘળાં ય બિમ્બોને, શ્રી જૈન શાસનમાં “ સાચા દેવ ” એટલે “ સુદેવ ” તરીકે જ ઓળખાય છે અને ઓળખાવાય છે; પરન્તુ શ્રી માતર તીર્થાધિપતિ ભગવાન શ્રી સુમતિનાથસ્વામિજીના બિમ્બની એ એક વિશિષ્ટતા છે કે—આ બિમ્બને અંગે બનેલી અનેક પ્રકારની ચમત્કારા-

ત્મક ઘટનાઓને અંગે જ, જૈનો અને જૈનેતરો તરફથી આ શ્રી જિનબિમ્બને " સાચા દેવ " તરીકેની સંજ્ઞા પ્રાપ્ત થવા પામેલી છે.

માતરના જૈનોને આ શ્રી જિનબિમ્બની પ્રાપ્તિ સુંહુંજ નામના ગામમાંથી થઈ. આ ગામ ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકામાં ગણાતા મહુધા નામના ગામની પાસે આવેલું છે. સુંહુંજ ગામ ઘણું પ્રાચીન હોય એમ જણાય છે તેમ જ ચારેક સદીઓ પહેલાં સુંહુંજ ગામની બહુ મોટી જાહોજલાલી હશે એવી કલ્પના થાય છે.

" સાચા દેવ " શ્રી સુમતિનાથ ભગવાનનું બિમ્બ, એ સુંહુંજ ગામના વતની બારોટના વાડામાંની જમીનમાંથી પ્રગટ થયેલું છે. આ બિમ્બ એ સ્થલે ક્યાંથી આવ્યું ?–એ બાબત ઉપર, એ શ્રી જિનબિમ્બ ઉપર જે શિલાલેખ છે, તે બહુ સારો પ્રકાશ પાડે છે. એ આખો ય શિલાલેખ તો વંચાતો નથી, પરન્તુ એ શિલાલેખમાંનો જેટલો ભાગ વંચાયો છે, તે નીચે મુજબનો છે:—

**" संवत् १५२३ वर्षे विशाख वदि ७ रवि. प्राग्वाटज्ञातीय सा. गोना भार्या रत्नूपुत्र समधर......भार्या जासी धर्म्मादि पुत्री लाला प्रमुख युक्तन श्रेयसे श्री सुमतिनाथबिंबं कारितं. प्रतिष्ठितं तपागच्छनायक श्रीसोमसुंदरसूरिपट्टप्रभाकर श्री मुनिसुंदरसूरिपट्टनभस्तलदिनकरतरणि श्री......श्री रत्नशेखर-सूरिपट्टपूर्वाचल सहस्रांकुरस......श्री लक्ष्मीसागरसूरिभिः सिहुंज ग्रामे कल्याणमस्तु कारयितुः ॥ श्रीः ॥**

આ શીલાલેખ ઉપરથી કલ્પી શકાય છે કે–વિ. સં. ૧૫૨૩ માં સુંહુંજ (સિહુંજ) ગામમાં શ્રી જિનબિમ્બોની પ્રાણપ્રતિષ્ઠા–અંજનશલાકાનો મહોત્સવ ઉજવાયો હશે. સુંહુંજ ગામમાં આ વખતે પ્રાણપ્રતિષ્ઠાને પામેલાં ઘણાં શ્રી જિનબિમ્બો, આજે ભિન્ન ભિન્ન સ્થલે વિદ્યમાન છે. આ મહોત્સવ ઉજવાયા બાદ, કાળક્રમે કરીને આ ગામમાં એવું કાંઈ બની જવા પામ્યું હશે, કે જેને લઇને શ્રી જિનબિમ્બોને ભંડારી દેવામાં આવ્યાં હોય; અગર તો, ભૂમિકંપ જેવું કાંઈ બનવાને અંગે પણ એમ બન્યું હોય. શું બન્યું હશે, એ અત્યારે તો કલ્પનાનો વિષય છે, પરન્તુ આ “ સાચા દેવ ” શ્રી સુમતિનાથ ભગવાનનું બિમ્બ, એ જ સુંહુંજ નામના ગામમાં જમીનમાંથી પ્રગટ થવા પામ્યું છે, એ તો નિર્વિવાદ હકીકત છે.

## વિ. સં. ૧૮૫૩ માં–

આ શ્રી જિનબિમ્બ કેવા પ્રકારે જમીનમાંથી પ્રગટ થયું, તે હવે જોઈએ.

વિ. સં. ૧૮૫૩ ના શ્રાવણ મહિનામાં શુભ દિવસે, અધિષ્ઠાયક દેવે, માતર ગામના વતનીઓ–શા. દેવચંદ વેલજી, શા. જીવરાજ સુરચંદ તથા શા. નથુ ગાંધી–એ ત્રણ જૈનોને રાતના એક જ સમયે અને એક જ પ્રકારનું સ્વપ્ન આપ્યું. એ સ્વપ્નમાં એ ત્રણેય ગૃહસ્થોને એવું સૂચન કરવામાં આવ્યું કે–‘ સુંહુંજ નામના ગામમાં બારોટના વાડામાં ભૂમિભાગમાં ભગવાનનાં બિમ્બો છે. એ શ્રી જિનબિમ્બોને તમે બહાર કાઢો અને માતરમાં લાવીને પધરાવો. ’

સ્વપ્ન ઘણું સ્પષ્ટ હતું અને સ્વપ્નમાં કરાએલું સૂચન પણ ઘણું સ્પષ્ટ હતું, પરન્તુ ગમે તે કારણે, માતરના એ ત્રણેય જૈન ગૃહસ્થોમાંથી એક પણ ગૃહસ્થ તત્કાલ સુંહુંજ ગયા નહિ. બીજી તરફ એવું બન્યું કે–સુંહુંજ ગામના એ બારોટને પોતાના વાડામાં રાત્રિના સમયે વિવિધ વાજિંત્રો વાગતાં સંભળાવા લાગ્યાં. તેમ જ કોઈ મોટો નાટારંભ ચાલી રહ્યો હોય તેવા કર્ણમધુર અવાજો પણ તેના કાને આવવા લાગ્યા. તેણે પોતાના વાડામાં આવીને જોયું તો કોઈ જણાયું નહિ, પણ વાદ્ય–નૃત્યના અવાજો તો બરાબર સંભળાયા જ કરતા હતા. પોતાના વાડામાં તે ફરવા લાગ્યો તો ચોમેર જાણે સુગન્ધમય હવા પ્રસરી રહી હોય તેમ તેને લાગ્યું અને પછી વધુ ખાત્રી કરવાનો પ્રયત્ન કરતાં તેને જણાયું કે–આ બધું જમીનના અંદરના ભાગમાંથી જ આવે છે. તેને તે સમયે કેટલાંક ચમત્કારી દશ્યો પણ જણાયાં. આ બધા ઉપરથી તેને લાગ્યું કે–આ કોઈ દૈવી સંકેત છે. એથી આનન્દ પામીને, આખી ય રાત્રિ તેણે આ અજાયબીના વિચારમાં પસાર કરી; અને કોઇ આવતું–જતું જણાય છે કે નહિ, તેની તપાસ રાખ્યા કરી.

આવું બે–ચાર દિવસ ચાલ્યું, એટલે બારોટને વિચાર આવ્યો કે–'વાડામાં ખોદીને હું જોઉં તો ખરો કે અન્દર શું છે?' કારણ કે–એના મનમાં નિર્ણય થઈ ગયો હતો કે–વાડામાં જમીનમાં કોઈ દૈવી વસ્તુ હોયા વિના આવા ચમત્કારો બને નહિ. આથી તેણે વાડામાં ખોદવા માંડ્યું. એણે થોડુંક ખોદ્યું હશે, ત્યાં તો તેને જમીનમાં મૂર્તિઓ જેવું કાંઈક હોવાનું જણાયું. પછી તેણે જાળવીને આજુબાજુ

ખોદ્યું, તો પદ્માસનયુક્ત પાંચ શ્રી જિનમૂર્તિઓ તેના જોવામાં આવી. તેણે બહાર જઇને, પોતાના વાડામાં ભગવાન પ્રગટ થયા છે–એવી વાત કરી અને જોતજોતાંમાં તો આ વાત આખા ગામમાં ફેલાઈ ગઇ.

એ બારોટના વાડામાં ઘણા માણસો એકઠા થઇ ગયા. સૌએ પાંચેય ભગવાનોને જોયા અને સૌના આનન્દનો પાર રહ્યો નહિ. પાંચેય ભગવન્તોને સાચવીને બહાર કાઢી જમીન ઉપર પધરાવ્યા. અંગે અંગે માટી લાગેલી હોવા છતાં પણ, એ મૂર્તિઓની તેજસ્વિતા છાની રહેતી નહોતી. પછી તો, જેને જેમ સુઝયું તેમ અને જેને જે મળ્યું તેનાથી, સર્વે માણસો ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. કુવાના તાજા પાણીથી અને ગાયના દૂધથી ભગવન્તોનાં સર્વેય અંગોપાંગોને શુદ્ધ કરવામાં આવ્યાં. બારોટે પોતાના ઘરમાં એક જગ્યાને ગાયના છાણથી લીંપાવી અને તે જગ્યા ઉપર લાકડાના બાજોઠો ગોઠવીને તેના ઉપર પ્રભુજીને પધરાવ્યા.

આ વાત વાયુવેગે આજુબાજુનાં ગામોમાં પહોંચી ગઈ. 'જૈનોના પ્રભુજી પ્રગટ થયા છે'–એવા સમાચાર ફેલાતાં, ખેડા વગેરે ગામોએથી જૈનો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવવા લાગ્યા. એટલી મોટી સંખ્યામાં યાત્રાળુઓ એકઠા થઈ ગયા કે–ગામમાં ઉતારાની જગ્યા મળવી પણ બહુ મુશ્કેલ બની ગઈ. માતરના જે જૈન ગૃહસ્થોને સ્વપ્ન આવેલું, તેમને પણ ખબર પડી ગઇ, એટલે એ ય તરત ત્યાં આવી પહોંચ્યા.

આવી રીતિએ ગામેગામના જૈનો એકઠા થઈ જતાં,

સૌએ ભગવન્તોને પોતપોતાને ગામે લઇ જવાનો વિચાર કરવા માંડ્યો, કારણ કે-સુંહુંજ ગામમાં જૈનોની વસતિ નહિ હોવાથી, ત્યાં તો ભગવન્તોને રાખી શકાય તેમ હતું નહિ.

સૌને પોતપોતાને ગામે આ ભગવન્તોને પધરાવવાની પ્રબલ ઇચ્છા થઈ અને એથી પરસ્પર હુંશાતુંશી થવા લાગી. આથી, કશી પણ તકરાર થવા પામે નહિ અને સૌના મનનું સમાધાન થવા પામે, એ માટે સૌએ મળીને નક્કી કર્યું કે-જે જે ગામોવાળાઓની માગણી છે, તે તે દરેક ગામના નામની ચીઠ્ઠી બનાવીને, એ ચીઠ્ઠીઓમાંથી એક ચીઠ્ઠી ઉપડાવવી અને એ ચીઠ્ઠીમાં જે ગામનું નામ લખેલું હોય, તે ગામવાળા ભગવન્તોને લઇ જાય.

આ રીતિએ ચીઠ્ઠીઓ નાખતાં, ચીઠ્ઠીમાં માતર ગામનું નામ આવ્યું નહિ. માતરવાળાને થયું કે-' આપણને સ્વપ્નું આપેલું છે ને આમ કેમ બન્યું ? આપણે તરત આવ્યા નહિ, તેની તો આપણને આ સજા નથી થતી ને ? ' એ ગમે તેમ હોય, પણ હવે તો જે બને તે જોયા જ કરવાનું હતું, એટલે મનમાં ભગવાનના નામનો જાપ કરતા તેઓ બેસી રહ્યા.

ચીઠ્ઠીમાં જે ગામનું નામ નીકળ્યું હતું, તે ગામના જૈનો સ્નાન કરી, સ્વચ્છ કપડાં પહેરીને આવી પહોંચ્યા. ભગવાનને પધરાવવાને માટે ગાડુ પણ તૈયાર રાખેલું. તેઓએ આવીને, ગાડામાં પધરાવવાને માટે ભગવાનને ઉપાડવા માંડ્યા. તેમનાથી ભગવાનને ઉપાડી શકાયા નહિ, એટલે મદદમાં તેમણે બીજાઓને બોલાવ્યા. એમ ઘણા માણસો ઘણું ઘણું

મથ્યા, પણ કેમેય કરીને ભગવાનને જરા સરખા ય ઉંચા કરી શકાયા નહિ. આખર, તેઓ થાકયા અને નિરાશ થઈને બેઠા. એકઠા થયેલા માણસો મોટી વિમાસણમાં પડી ગયા કે-હવે કરવું શું ? શું અધિષ્ઠાયક દેવની મરજી એવી જ હશે કે-ભગવાન અહીં જ વિરાજમાન રહે ?

આવું બન્યું, એથી માતરવાળા ગૃહસ્થોના હૈયામાં ઉત્સાહનો સંચાર થયો. ત્યાં એકઠા મળેલા શ્રીસંઘને હાથ જોડીને માતરના જૈનોએ કહ્યું કે–' આપ બધા જો ખૂશીથી આજ્ઞા આપતા હો, તો અમે ભગવાનને ઉપાડી જોઇએ અને જો અમારાથી ભગવાન ઉપડે તો અમે ભગવાનને માતર લઈ જઈએ.' સૌના મનને એમ હતું કે–' ભલે ને આ લોકો ય પ્રયત્ન કરે; ભગવાન કયાં ઉપડે એવા છે ?' એટલે એ વખતે તો સૌએ હા પાડી. બધાએ હા કહી એટલે તરત જ માતરવાળા ગૃહસ્થો સ્નાન કરવાને ગયા. તેઓ સ્નાન કરીને અને સ્વચ્છ કપડાંને પહેરીને આવ્યા, ત્યારે તો કોઇ કોઈ ભાઈ મજાકની વાત કરી રહ્યા હતા અને હમણાં જ આ માતરવાળાઓ વિલખા પડી જશે–એમ માનીને માત્ર કુતૂહલથી જ ત્યાં જોવાને માટે ઉભા હતા.

પરન્તુ, અહીં તો આશ્ચર્ય બન્યું. માતરવાળાઓએ ભગવાનને ઉપાડયા અને એક પછી એક–એમ પાંચેય ભગવાનોને તેમણે ગાડામાં પધરાવ્યા. વજન જેવું કાંઈ જ તેમને લાગ્યું નહિ. માતરવાળાઓના આનન્દની તો કોઈ સીમા જ નહોતી.

હવે, આવું આશ્ચર્ય પ્રત્યક્ષપણે જોવા છતાં પણ, કેટલાકોએ ફરી પાછી ભગવન્તોને પોતપોતાને ગામે લઇ જવાની હઠ પકડી. ફરી પાછો તકરારનો સંભવ ઉભો થયો. આમ બધા લોકો કોલાહલ મચાવી રહ્યા હતા, ત્યારે માતરવાળા ભગવાનની પ્રાર્થના કરી રહ્યા હતા.

એટલામાં તો, સૌના આશ્ચર્ય વચ્ચે, ગાડું વગર બળદ જોડયે જ પોતાની મેળે માતર તરફ ચાલવા માંડયું. બધા આભા જેવા બનીને ગાડાની પાછળ પાછળ ચાલ્યા. આમ વગર બળદ જોડયે ગાડું આશરે અડધા માઇલ સુધી જઇને પછી આપોઆપ ઉભું રહ્યું. આવો અદ્ભુત બનાવ બન્યો, પછી તો કોણ માતરવાળાનો વિરોધ કરે ? ભગવન્તોને માતર લઈ જવામાં સૌ સંમત થયા, એટલું જ નહિ પણ સૌ સાથે જ વાજતે–ગાજતે ચાલીને માતર સુધી આવવાને તૈયાર થઇ ગયા. આ બનાવે તો, જૈનેતરોનું પણ ઘણું ભારે આકર્ષણ કર્યું. ગાડાને બળદ જોડાયા અને સેંકડોની સંખ્યામાં જૈન–જૈનેતરો ગાડાની પાછળ પાછળ સ્તવનો ગાતા ચાલવા લાગ્યા. બેનો પણ મોટી સંખ્યામાં પાછળ ગરબા ગાતી ચાલતી હતી. માર્ગમાં લોકો ભગવાનને પુષ્પોથી અને અક્ષતોથી વધાવતા હતા.

સુંહુંજ ગામમાં જે બારોટના વાડામાંથી ભગવાન પ્રગટ થયા હતા, તે બારોટને ભગવાન પોતાના ઘેરથી જાય એ ગમતું તો નહોતું જ, પરન્તુ જ્યારે તેણે આ બધાં આશ્ચર્યો જોયાં, ત્યારે તેને લાગ્યું કે–ભગવાનની (ભગવાનના અધિષ્ઠાયક દેવની) મરજી જ આવી લાગે છે અને એથી તેણે શાન્તિ

અનુભવી. માતરવાળા શ્રાવકોએ પણ અવસરોચિત તરીકે તેને રૂા. ૫૦) અંકે પચાસ રૂપીઆ સીરપાવના આપીને ખૂશ કર્યો.

અહીં તો, ભગવાનનો જાણે કે મોટો વરઘાડો નીકળ્યો હોય, એવું દશ્ય ખડું થઇ ગયું હતું. સુંહુંજથી માતર જતાં રસ્તામાં ખેડા આવે છે. ખેડા પાસે વાત્રક અને શેઢી નદીનો સંગમ થાય છે. ખેડાથી માતર જવાને માટે નદીને ઓળંગવી પડે છે. ચોમાસાના દિવસો હતા. વરસાદના પાણીથી બન્ને ય નદીઓ ઉભરાઈ ગયેલી હતી. નદીના કીનારા સુધી તો સૌ આવ્યા, પણ નદીમાં પૂર આવેલું જોઈને સૌ પાછા મુંઝવણમાં પડી ગયા. બધાએ ખેડા ગામમાં પાછા વળવાનો નિર્ણય કર્યો.

આ વખતે પણ ચમત્કારિક ઘટના બની. લોકો નદીમાં પૂરને જોઇને વિચાર કરતા રહ્યા અને ગાડાવાળાએ તો ગાડાને આગળ હંકાર્યું. બનેલું એવું કે–ગાડાવાળાને પાણીની જગ્યાએ માત્ર રેતી જ દેખાતી હતી. ગાડું ચાલ્યું એટલે ગાડાને રોકવાને માટે લોકો ગાડાને વળગી પડયા. કોઇથી ય ગાડું રોકાઈ શકાયું નહિ અને સૌ સહીસલામત નદી ઉતરી ગયા. કોઇનું એક કપડું સરખું પણ ભીંજાયું નહિ. આ ચમત્કારે તો સાથેના જૈનોને અને જૈનેતરોને, એકદમ આશ્ચર્યમુગ્ધ બનાવી દીધા. આ સ્થલે અને આ સમયે જ, એ પાંચ ભગવન્તોમાં મોટા જે શ્રી સુમતિનાથ ભગવાન હતા, તે “સાચા દેવ” “સાચા દેવ” તરીકે પહેલી જ વાર પોકારાયા અને ત્યારથી માંડીને અત્યાર સુધી એ શ્રી સુમતિનાથ ભગવાનના

બિમ્બની "સાચા દેવ" તરીકેની ખ્યાતિ ચાલી આવે છે.

આ પ્રમાણે, વિ. સં. ૧૮૫૩ ના શ્રાવણ મહિનામાં, શ્રી સુમતિનાથ ભગવાન આદિ પાંચેય શ્રી જિનબિમ્બોનો માતર ગામમાં, ઘણા જ ઠાઠપૂર્વક પ્રવેશ થયો. એ વખતે માતરમાં ભગવન્તોને વિરાજમાન કરવાને માટે કોઈ જગ્યા તો હતી જ નહિ, એટલે એક ઓરડીમાં બાજોઠો મૂકાવીને, તેના ઉપર એ પાંચેય શ્રી જિનબિમ્બોને પધરાવાયાં.

## વિ. સં. ૧૮૫૪ માં—

આ પ્રમાણે માતરમાં આ પ્રભુજી પધારવાથી, માતર એક મોટું તીર્થસ્થલ બની ગયું. ઉપર વર્ણવેલા ચમત્કારિક બનાવોને સેંકડો માણસોએ નજરોનજર નિહાળેલા, એટલે લોકોનું આકર્ષણ એકદમ વધી જવા પામે, એ સ્વાભાવિક હતું. હવે તો દૂર દૂરથી પણ સંખ્યાબંધ યાત્રિકો દર્શનાર્થે આવવા લાગ્યા. એને લીધે ઉપજ પણ સારી થઈ. ઉપરાન્ત, ઘણાઓએ નૂતન શ્રી જિનમન્દિરના નિર્માણ માટે સારી સારી રકમો ભેટ આપી. આથી ત્રણ શિખરોવાળું ભવ્ય શ્રી જિનમન્દિર તરતમાં જ તૈયાર કરાવવામાં આવ્યું અને નૂતન શ્રી જિનમન્દિર તૈયાર થતાં, વિ. સં. ૧૮૫૪ ના જેઠ સુદી ૩ ને ગુરૂવારે, એ શ્રી જિનમન્દિરમાં શ્રી સુમતિનાથ ભગવાન આદિ પાંચેય ભગવન્તોનાં શ્રી જિનબિમ્બોને બહુ ધામધુમથી ગાદીનશીન કરવાની શુભ ક્રિયા થઈ.

## વિ. સં. ૧૮૯૭ સુધીમાં—

ભગવાનને નૂતન જિનાલયમાં ગાદીનશીન કર્યા પછીથી

પણ ચમત્કારોની પરંપરા ચાલુ જ રહી. સાંજે દેરાસર મંગલિક કર્યા પછીથી, રાતના નવેક વાગે શ્રી જિનમન્દિરમાં વાજીંત્રો વાગી રહ્યાં હોય અને નાટારંભ ચાલી રહ્યો હોય, એવા અવાજો બહાર સંભળાતા હતા તેમ જ સુવાસ પણ ઘણા મોટા પ્રમાણમાં પ્રસરી રહી હોય એમ જણાતું હતું. આથી, રોજ જૈનો અને જૈનેતરો પણ મોટી સંખ્યામાં રાતના આવીને શ્રી જિનમન્દિરના ઓટલે બેસતા. શ્રી જિનમન્દિરની નજદીકના મકાનવાળાઓ તો, પોતાના ઘરમાં બેઠે બેઠે પણ, એ મધુર અવાજો સાંભળતા અને સુગંધ અનુભવતા.

આને લઈને, ઘણા જૈનેતરો પણ આ શ્રી જિનમન્દિરમાં દર્શન કરવા આવવા લાગ્યા તેમ જ કેટલાકો તો પોતાનાં મનોવાંછિતોને સિદ્ધ કરવાને આખડીઓ પણ રાખવા લાગ્યા.

રોજ-બ-રોજ શ્રી જિનમન્દિરની ઉપજમાં વધારો જ થતો ચાલ્યો. આથી, આ શ્રી જિનમન્દિરને વિસ્તારવાળું બનાવવાનો વિચાર થયો. શ્રી જિનમન્દિરની આજુબાજુ ભમતી બનાવીને બાવન જિનાલયની દેરીઓ કરાવવાનો નિર્ણય થયો. એ માટે આજુબાજુની ફાલતુ જમીન પણ ખરીદાઈ; અને દેરીઓના ચણતરનું કામ પણ શરૂ કરાયું.

પણ બન્યું એવું કે-જે જમીન લેવાઈ, તે જમીનવાળા અમુક લાગો એ વખતે મીયાં સરકારને નામે ઓળખાતા એક કુટુંબને આપતા હતા. એ કુટુંબના આગેવાન બચ્ચુમીયાં નામના માણસે, પોતાનો હક્ક લેવાને માટે, ભમતીના ચાલુ ચણતર કામને અટકાવ્યું. માતર ગામના શ્રીસંઘે મળીને,

તેમની સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો. તેમાં, છેવટ એવું નક્કી થયું કે–આ શ્રી જિનમન્દિરમાં જેટલી ઉપજ થાય, તે ઉપજનો ચોથો ભાગ શ્રીસંઘે એ બચ્ચુમીયાંને આપ્યા કરવો. આવો ઠરાવ કરીને, પહેલા મહિનાના ભાગના રૂપીઆ પણ એ બચ્ચુમીયાંને શ્રીસંઘે આપી દીધા.

એ રૂપીઆ લઈને, બચ્ચુમીયાં રાજી થતા થતા ઘરે ગયા, પણ આ ધન પચે એવું ક્યાં હતું ? અહીં તો અધિષ્ઠાયક દેવ જાગતા હતા. રાત પડી ને બચ્ચુમીયાં સુઈ ગયા, એટલે કોઈએ અદૃશ્યપણે એમને મુંગો માર મારવા માંડ્યો. બચ્ચુમીયાં ઉભા થઈને જુએ તો કોઈ જણાય નહિ ને સુઈ જાય એટલે માર પડે. આથી, બચ્ચુમીયાંને ઉજાગરા ઉપર ઉજાગરા થવા લાગ્યા. એમણે ઘણા ઉપાયો અજમાવી જોયા, પણ એમાં કાંઈ વળ્યું નહિ. દશ દિવસો સુધી લાગલાગટ આ પ્રમાણે બન્યું, એટલે બચ્ચુમીયાં બહુ ગભરાયા. આ મંદિરમાં વિરાજમાન કરેલા ભગવાનના ચમત્કારોની વાતો તો એમણે પણ ઘણી સાંભળેલી, એટલે એમને વિચાર આવ્યો કે–'મેં આ મન્દિરનો લાગો લીધો છે, તેથી તો કદાચ આ નહિ બન્યું હોય ?' આવો વિચાર આવવાથી બચ્ચુમીયાં માતરના આગેવાન જૈન શા. જીવરાજ સુરચંદની પાસે પહોંચ્યા અને દશ દિવસથી રોજ રાતના પોતાને છૂપો માર પડે છે એ વગેરે હકીકત જીવરાજ શેઠને કહી સંભળાવી. જીવરાજ શેઠે કહ્યું કે–' આપ સરકાર છો, એટલે આપને અમારાથી કાંઇ કહેવાય નહિ; પણ આજે આપ પોતે જ મને આપનો સમજીને

કહેવા આવ્યા છો, એટલે હું કહું છું કે–આપે દેરાસરના જે પૈસા લીધા, તે સારૂં કર્યું નથી. મને લાગે છે કે–આપે દેરાસરના પૈસા લીધા, તેથી જ આપને માથે આફત ઉતરી છે, માટે આપ તે પૈસા પાછા આપી જાઓ. આપને ખાત્રી કરવી હોય તો એમ કરો કે–જેટલા રૂપીઆ આપે લીધા છે, તે બધા રૂપીઆ આપ મને આજે જ આપી જાઓ. પછી જુઓ કે–આજે રાતના કેમ થાય છે ? જો આજે રાતના આપને કોઈ કાંઇ મારે–કરે નહિ અને સુખે ઉંઘવા દે, તો આપ જાતે જ એ રૂપીઆ દેરાસરમાં મૂકીને ભગવાનને પગે લાગી આવજો.' જીવરાજ શેઠની આ વાત બચ્ચુમીયાંને ગળે ઉતરી. તે જ દિવસે તેમણે દેરાસરના રૂપીઆ જીવરાજ શેઠને ત્યાં મોકલી આપ્યા. જીવરાજ શેઠે કહ્યા મુજબ બચ્ચુમીયાંની રાત સુખે પસાર થઈ. આથી બચ્ચુમીયાં સવારે વહેલા ઉઠયા અને જીવરાજ શેઠને ત્યાં આગલે દહાડે મોકલાવેલા રૂપીઆ મંગાવી લીધા. પછી સ્વચ્છ કપડાં પહેરી, બહારથી ને હૈયાથી શુદ્ધ બનીને બચ્ચુમીયાં દેરાસરે આવ્યા. લીધેલા બધા રૂપીઆ તો ઠીક, પણ પાંચ રૂપીઆ દંડના ગણીને વધારે ભગવાન સમક્ષ મૂકી દીધા. ભગવાનને વારંવાર નમસ્કાર કર્યા તેમ જ 'હવેથી એક પાઈ પણ મને આ દેરાસરની ખપે નહિ'–એવો પોતાનો નિર્ણય તેમણે જાહેર કર્યો. હવે તો એવું થઈ ગયું કે–આ મન્દિરને અંગે જે વખતે જે સહાયની જરૂર પડે તે વખતે તે સહાય કરવાને માટે આ બચ્ચુમીયાં તૈયાર રહેવા લાગ્યા.

ક્રમે કરીને, બાવન જિનાલયની ભમતીની દેરીઓ તૈયાર થઈ ગઈ. એ દેરીઓમાં વિરાજમાન કરવાને માટે પાલીતા-

ણુથી શ્રી જિનબિમ્બોને લાવવામાં આવ્યાં. ભગવાનને ગાદીનશીન કરવાના દિવસ તરીકે, વિ. સં. ૧૮૯૭ ના મહા સુદી ૫ નો શુભ દિવસ નક્કી થયો. આ શુભ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવાનું પણ નક્કી કરવામાં આવ્યું. માતરના શ્રીસંઘે આમંત્રણ–પત્રિકાઓ કાઢીને ગામે ગામ શ્રીસંઘો ઉપર અને આગેવાન ગૃહસ્થો ઉપર મોકલી આપી. પરિણામે, આ માતર ગામમાં આશરે ચાલીસથી પચાસ હજાર યાત્રાળુઓ આવી પહોંચ્યા. માતર ગામની આજુબાજુ એક ગાઉ સુધી તંબુઓ નાખવામાં આવ્યા હતા. યાત્રાળુઓની સગવડતા સાચવવાને માટે સારી વ્યવસ્થા રખાઈ હતી. આ કામમાં, માતરના મહાજને, માતરમાં વસતા જૈનેતરોએ અને સત્તાવાળાઓએ પણ ઘણી મોટી મદદ કરી હતી. માતરવાળા શેઠ અનોપચંદ જાદવજી અને અમદાવાદવાળા શેઠ હઠીસિંગ કેસરીસિંગ તરફથી નવકારશીઓ થઈ હતી. ખૂબી તો એ છે કે– આટલી મોટી સંખ્યામાં યાત્રાળુઓ એકઠા થવા છતાં પણ, કોઈને કાંઈ પણ ઈજા થવા પામી નહોતી.

## વિ. સં. ૧૯૨૧ માં—

આ શ્રી જિનમન્દિરમાં રોજ રાતના જે દૈવી નાટારંભ થતો હતો, તે વિ. સં. ૧૯૨૦ સુધી તો બરાબર ચાલુ રહ્યો. વિ. સં. ૧૯૨૧ માં એક એવો પ્રસંગ બની ગયો, કે જેને લઈને અધિષ્ઠાયક દેવ કોપ્યા અને નાટારંભ વગેરે બંધ થઈ ગયું.

એ પ્રસંગ એવો બની જવા પામ્યો કે—

વિ. સં. ૧૯૨૧ માં પાલીતાણામાં શ્રી અંજનશલાકાનો

ભવ્ય મહોત્સવ ઉજવાવાનો હોઈને, માતરના જૈનો તે પ્રસંગે ત્યાં જવાના હતા. એવામાં, દેરાસરના ભૂલા નામના ગોઠીને અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં જણાવ્યું કે–' પાલીતાણામાં અંજનશલાકા પ્રસંગે રોગચાળો થવાનો છે, માટે અહીંથી કોઈ ત્યાં જાય નહિ, એવું તું બધા શ્રાવકોને કહી દેજે; અને કહેજે કે–એ વખતે જે પાલીતાણા જશે તે દુઃખી થશે.' પરન્તુ ભૂલાએ ભવિતવ્યતાવશ ભૂલ કરી કે–કોઇને પણ એણે પોતાના સ્વપ્નની હકીકત જણાવી નહિ.

આથી, માતરના જે જૈનો પાલીતાણા જવાના હતા તે ગયા. અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં જેવું જણાવ્યું હતું તેવું જ પાલીતાણામાં બન્યું. પાલીતાણામાં રોગચાળો ફાટી નીકળ્યો અને એ જ સમયે માતરમાં પણ રોગચાળો ફાટી નીકળ્યો.

એ બન્યું તેને બીજે દિવસે ભૂલો ગોઠી દેરાસરનાં દ્વાર ઉઘાડવા ગયો, ત્યારે પહેલાં તો દેરાસરનાં દ્વાર જ ઉઘડચાં નહિ. ભૂલા ગોઠીએ ભગવાનની બહુ બહુ સ્તુતિ કરી, તે પછી દેરાસરનાં દ્વાર તો ઉઘડચાં, પણ જેવો ભૂલો ગોઠી દેરાસરમાં પેઠો કે તરત એના શરીર ઉપર મુંગો ને છૂપો માર પડવા માંડચો. સખ્ત માર પડવાથી તે નીચે પડી ગયો અને મૂર્છા પામી ગયો. એ વખતે એને સૂચન મળ્યું કે–'તને સ્વપ્નમાં બધા જૈનોને પાલીતાણા નહિ જવાનું કહેવાને જણાવેલું, છતાં પણ તેં તેમને કહ્યું નહિ, તેનું આ ફલ છે.' પછી સંજ્ઞાને પામેલા ભૂલા ગોઠીએ ખૂબ કરગરી કરગરીને પોતાની ભૂલ બદલ માફી માગવા માંડી.

હવે એને માર પડવો બંધ થઈ ગયો હતો, એટલે ધીમે ધીમે તે ઉભો થયો. તેણે જોયું તો મૂળનાયક ભગવાનની અને મૂળ મંદિરમાંની બીજી પણ શ્રી જિનપ્રતિમાજીઓની આખી બેઠક જ ફરી ગયેલી. બધા ભગવન્તોનાં મુખ ભીંત તરફ થઈ ગયેલાં અને સામે તો પીઠનો ભાગ જ જણાતો હતો. વળી, શ્રી જિનપ્રતિમાઓનાં અંગો ઉપર શ્યામ ડાઘા પણ પડી ગયેલા. ભૂલો ગોઠી આ જોઈને તો વળી વધારે ગભરાઈ ગયો અને ભયભીત બનીને દેરાસરની બહાર આવીને બૂમો પાડવા લાગ્યો.

ભૂલા ગોઠીની બૂમો સાંભળીને, જૈનો અને જૈનેતરો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા. બનેલા બનાવની સઘળી ય હકીકત ભૂલા ગોઠીએ બધાને કહી સંભળાવી. આવી હકીકતને સાંભળીને, તત્કાલ તો કોઈ દેરાસરમાં પેસવાની જ હિંમત કરી શક્યું નહિ. પછી, શેઠ હકમચંદ દેવચંદ નામના એક વૃદ્ધ શ્રાવક શ્રી જિનમન્દિરમાં પહેલા જવાને તૈયાર થયા. બહારથી જ ભગવાનની સારી રીતિએ સ્તુતિ કરીને એ ભાગ્યવાન અંદર પેઠા. અંદર જઇને તેમણે જોયું તો બધા ભગવાન પૂંઠ ફેરવીને વિરાજેલા જણાયા. શેઠ હકમચંદે એવી જ સ્થિતિમાં સઘળાં ય પ્રતિમાજીની પ્રક્ષાલાદિ કરવાપૂર્વક પૂજા કરી.

એ પછી, ભગવન્તોની બેઠકોને ફરીથી બરાબર કરવાના ઘણા પ્રયત્નો થયા, પરન્તુ તેમાં કાંઈ વળ્યું નહિ. લગભગ છ મહિના સુધી ભગવાન અવળા મુખે જ વિરાજમાન રહ્યા.

એટલામાં કોઈ મુનિમહારાજ માતરમાં પધાર્યા. શ્રીસંઘે તેમને ભૂતકાળની સઘળી ય હકીકતોથી વાકેફ કર્યા. એ મુનિમહારાજે શ્રાવકોની પાસે કોઇ વિશિષ્ટ વિધિ કરાવ્યો અને એ સફલ પણ થયો.

એ વિધિ પૂર્ણ થતાં, શેઠ હકમચંદ દેવચંદના સુપુત્ર મોતીલાલે ભગવાનની સ્તુતિ કરીને ભગવાનની પલાંઠીએ જ્યાં માત્ર આંગળી જ અડાડી, ત્યાં તો બધાના ભારે આશ્ચર્ય વચ્ચે, સઘળાં ય પ્રતિમાજી, આપોઆપ, પૂર્વે જેમ હતાં તેમ વિરાજમાન થઈ ગયાં. એ બધાં પ્રતિમાજીની બેઠક તો આમ સીધી થઈ ગઈ, પરન્તુ એમનાં અંગો ઉપર જે શ્યામ ડાઘા પડી ગયેલા, તે તત્કાલ ગયા નહિ. એ ડાઘા તો કાળે કરીને જ ભૂંસાઈ જવા પામ્યા છે.

## વિ. સં. ૧૯૩૯ માં—

આમ, વિ. સં. ૧૯૨૧ થી દેરાસરમાં રાતના સમયે રોજ થતો નાટારંભ વગેરે બંધ થઈ ગયું. વિ. સં. ૧૯૩૯ માં, શ્રાવણ સુદ ૪ના દિવસે, પાછો બીજો અકસ્માત્ બન્યો. મૂળનાયક ભગવાનની ઉપરના શિખરનો ભાગ ઓચીંતો તૂટી પડ્યો. ઘીનો અખંડ દીવો બુઝાઈ ગયો. આ વખતે પણ માત્ર માધવ નામનો ગોઠી જ હાજર હતો. એણે બધા શ્રાવકોને એકઠા કર્યા. આ બનાવથી સૌનાં મન શંકાશીલ અને ભયગ્રસ્ત બની ગયાં. આ વખતે તો ખબરેય પડી નહિ કે–કયી આશાતના થઈ અને તેનું પરિણામ આવું આવ્યું? એ જ વર્ષે માતરની જૈન જ્ઞાતિમાં બે તડ પડ્યાં અને એ બન્ને ય

તડના શેઠીયાઓ જીવ્યા ત્યાં સુધી એ તડ કાયમ રહ્યાં,

### વિ. સં. ૧૯૪૫ માં—

પડી ગયેલા શિખરને ફરી ચઢાવવાનું કામ છએક વર્ષો સુધી લંબાયા કર્યું. આખર, વિ. સં. ૧૯૪૫ ના જેઠ વદી ૧૦ ના શુભ દિને શિખર ચઢાવી નવીન ધ્વજા ચઢાવવામાં આવી. આ જ શુભ મુહૂર્ત્તે ભમતીની દેરીઓ ઉપર પણ ધ્વજાઓ ચઢાવાઇ. આ શુભ પ્રસંગે પણ દેશ દેશાવરમાંથી હજારો યાત્રિકો આવી પહોંચ્યા હતા. અમદાવાદના શેઠ મગનલાલ કરમચંદે કરાવેલી તથા હઠીસિંગ કેસરીસિંગે કરાવેલી અને માતરના જૈનોએ તથા વૈષ્ણવોએ કરાવેલી કુલ દશ ધર્મશાળાઓ ચીકાર ભરાઈ ગઇ. ગામના રહેવાસીઓએ તકલીફ વેઠીને પોતપોતાનાં ઘરોમાં પણ ઉતારો આપ્યો. છતાં યાત્રાળુઓનો સમાવેશ થઇ શકયો નહિ, તેથી તંબુઓ ઠોકવામાં આવ્યા. જેઠ વદી ૧૦ ના માતરના શ્રાવકો તરફથી નવકારશી પણ થઇ હતી.

### વિ. સં. ૧૯૬૦ માં—

માતરના શ્રી જિનમન્દિરમાં શેઠ બેચરદાસ મોતીલાલની ધર્મપત્ની ગં. સ્વ. પારવતીબાઇએ કરાવેલા ગોખલામાં વિરાજમાન, સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું બિમ્બ પણ, સ્વપ્નદ્વારા જાણવામાં આવેલી હકીકતના આધારે જ માતરમાં લાવવામાં આવેલ છે.

એ સંબંધી ટૂંક વિગત નીચે જણાવ્યા મુજબની છેઃ—

ખેડા જીલ્લાના આ માતર તાલુકાનું બરોડા નામે એક

નાનું ગામ છે. એ ગામની પાસે વાત્રક નામની નદી વહે છે. એક વાર, એ ગામના વણકર લોકો વાત્રક નદીમાંથી કાંકરી કાઢતા હતા. તે દરમ્યાન, નદીના કીનારા પાસેથી તેમને એક મૂર્તિ મળી આવી.

આ મૂર્તિ સાતમા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની હતી. પરન્તુ વણકરોને તો તેની કાંઈ સમજ નહિ. વણકરો એ મૂર્તિને નદીના પાણીથી સાફ કરીને ગામમાં વણકરવાસમાં લઈ આવ્યા અને એક આગેવાન વણકરના ઘરના ચોકમાં તુલસીક્યારામાં એ મૂર્તિને પધરાવી. પ્રભુના કંઠે તુલસીની માળા પહેરાવી ત્યાં ઘીનો દીવો કરીને રોજ વણકરો ભેગા થઈને ભજન કરવા લાગ્યા.

વણકરોને આ મૂર્તિ ઉપર ઘણી શ્રદ્ધા થઈ જવાનું કારણ એ બન્યું કે–જે દિવસે તેઓને મૂર્તિ મળી અને તેઓ ઘરે લઇ આવ્યા, તે જ દિવસે જે વણકરના ઘરના ચોકમાં પ્રભુજીને પધરાવ્યા, તે વણકરને ત્યાં તેની ૫૦ વર્ષની ઉમ્મરે પહેલા પુત્રનો જન્મ થયો અને જમીનમાંથી અણધારી રીતિએ સોએક રૂપીઆના મૂલ્યની મતા મળી આવી. તે પછી પણ વણકરોને ફાયદા થતા ગયા, એટલે વણકરોના દિલમાં વસી ગયું કે–આ બધો પ્રતાપ આ પ્રભુજીનો છે.

એવામાં, માતરના શા. સાંકળચંદ હીરાચંદ નામના એક જૈન ગૃહસ્થને સ્વપ્નમાં એવું સૂચન મળ્યું કે–'બરોડા ગામમાં વણકરને ત્યાં ભગવાન છે, તો તમે તેમને લઇ આવો.' સાંકળચંદ શેઠ બીજે જ દિવસે બરોડા ગયા અને તપાસ

કરી પણ તેમને કશો પત્તો લાગ્યો નહિ, એટલે તેમણે માન્યું કે–'મને સ્વપ્નમાં ભ્રમ થયો હશે' અને એથી તે પાછા માતર આવ્યા.

બીજે જ દિવસે, માતરના શા. નગીનદાસ કાળીદાસ તથા શા. ચુનીલાલ ભીખાભાઈને પણ એવું જ સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નમાં તેમને વધારાનું એટલું સૂચન કરાયું કે–'શા સાંકળચંદ હીરાચંદે પોતાના સ્વપ્નની હકીકતને ખોટી માની તે ભૂલ કરી છે. બરોડામાં વણકરના ઘરે તુલસી-ક્યારામાં ભગવાન છે જ.'

સ્વપ્નમાં આવું સૂચન મળ્યાથી, તેઓએ વાત કરી તો એક–બીજાની વાત મળતી આવી, તેથી માતરના શ્રીસંઘને ભેગો કરીને એ વાત જણાવવામાં આવી. શ્રીસંઘે નક્કી કર્યા મુજબ, એ ત્રણ શ્રાવકો અને બીજા સાત શ્રાવકો મળી કુલ દસ શ્રાવકો બરોડા જવાને નીકળ્યા. રસ્તે વારસંગ ગામ આવે છે. એ ગામમાં શ્રી નાથાલાલ નામના એક જૈન ગૃહસ્થનું ઘર હતું. માતરવાળાઓએ નાથાલાલ શેઠને વાત કરી. તે ઘણા ખૂશી થયા. આવેલા સાધર્મિકોની ભક્તિ કરીને તે પણ સાથે ચાલ્યા. વારસંગ ને બરોડા વચ્ચે માત્ર વાત્રક નદી છે. એ નદીને ઓળંગીને, એ બધા બરોડા પહોંચ્યા અને વણકરવાસમાં જઈને દરેકે દરેક તુલસીક્યારાની તપાસ કરવા માંડી. એમાં, એમને ભગવાન શ્રી સુપાર્શ્વનાથ-સ્વામિજીની મૂર્તિનાં દર્શન થયાં.

બધા વણકરો ભેગા થઈ ગયા. તેઓ સમજી ગયા કે–

આ વાણીયાઓ ભગવાનને લઈ જવાને માટે જ આવેલા છે. વણકરો કોઇ રીતિએ ભગવાન આપવા રાજી નહોતા. તેઓ તુલસીક્યારાની આજુબાજુ ફરી વળ્યા. માતરવાળાઓએ તેમને પૈસા આપવાનું કહ્યું તો ય તે માન્યા નહિ. મામલો તંગ થઈ ગયો. માતરવાળાઓના મનને ય એમ કે-હવે ભગવાનને લીધા વિના જવું નહિ અને વણકરો તો દેહ પાડીએ પણ પ્રભુને દઈએ નહિ એવી હઠે ચઢ્યા.

એના પરિણામનો વિચાર કરીને, વારસંગવાળા શ્રી નાથાલાલ શેઠે માતરના જૈનોને એક વાર તો અહીંથી ખસી જવાને સમજાવ્યું અને પછી પોતે ઉપાય કરશે અને ભગવાનને મેળવશે એવું વચન આપ્યું, એટલે માતરવાળા નિરાશ થઇને પાછા માતર તરફ રવાના થઇ ગયા.

માતરવાળા બરોડાથી નીકળી ગયા, તે પછી ખરાંટીવાળા શેઠ બેચરદાસ લલ્લુભાઈ નામના એક જૈન ગૃહસ્થ બરોડામાં ઉઘરાણીએ આવ્યા. તેમણે પ્રભુજીના સંબંધમાં જે હકીકત બનેલી તે સાંભળી. જે વણકરના ઘરના ચોકમાં ભગવાન હતા, તે જ વણકરની પાસે બેચરદાસ શેઠના રૂા. ૧૦૦૦) એક હજાર રૂપીઆ લેણા હતા. આથી, તેમણે એ વણકરને ઓછા રૂપીયા લેવાનું કહીને સમજાવ્યો, પણ એ વણકરે કહ્યું કે-‘ મને સ્વપ્નું આવ્યું છે તેમાં કહ્યું છે કે-જો તું એક પૈસો પણ લઇશ તો ખરાબ થઈ જઇશ ’ પછી બેચરદાસ શેઠે તેને બીજી ઘણી રીતે સમજાવ્યો અને એથી એ વણકરને લાગ્યું કે-‘ આ ભગવાન હવે મારી પાસે રહે-

વાના લાગતા નથી.' આમ સમજીને તેણે બીજા કોઇ વણકરને પૂછ્યા વિના જ બેચરદાસ શેઠને ભગવાન આપી દીધા. બેચરદાસ શેઠ પણ તરત જ ભગવાનને ઉપાડીને ખરાંટી લઈ ગયા. પોતાના ઘરે લઇ જઈને તેમણે ભગવાનને એક સ્થળે બાજોઠ ઉપર પધરાવીને સેવા-પૂજા કરી.

અહીં આમ બન્યું અને માતરના જૈનો ખાલી હાથે માતર પહોંચ્યા. તેમના આવ્યા પછી માતરના બધા જૈનો એકઠા થયા અને કોઇ પણ ભોગે ભગવાનને બરોડાના વણકરવાસમાંથી લઈ આવવા, એવો સૌએ નિશ્ચય કર્યો. માતરથી રાતોરાત આશરે વીસેક ભાઈઓ બરોડા જવાને ઉપડ્યા. વારસંગ આવી તેઓ નાથાલાલ શેઠને મળ્યા. નાથાલાલ શેઠ પણ પોતાના માણસોને લઈને સાથે નીકળ્યા. બધા બરોડા પહોંચીને સીધા પેલા વણકરને ત્યાં પહોંચ્યા.

પહેલાં તો વણકરોએ સાચી વાત કહી નહિ અને ભગવાન નહિ મળે એમ જ કહ્યું, એટલે ગામના મુખીપટેલને બોલાવવામાં આવ્યા. મુખી આવતાં વણકરોએ કહ્યું કે– 'ભગવાનને તો ખરાંટીવાળા બેચર શેઠ લઈ ગયા. ભગવાન ગયાની જ્યારથી અમને ખબર પડી છે ત્યારથી તો અમને ખાવું ય ભાવતું નથી તેથી ભૂખ્યા બેઠા છીએ. હવે તમે ભગવાનનાં દર્શન કરાવો તો ખાઈએ.'

આ વાત એકદમ માન્યામાં આવી નહિ, એટલે માતરના શા. સાંકળચંદ હીરાચંદ તથા શા. મગનલાલ હીરાચંદ તાબડતોબ ખરાંટી ગયા. બીજા બધા શ્રાવકો બરોડામાં

મુખીના ચોરામાં બેસીને રાહ જોવા લાગ્યા.

સાંકળચંદે અને મગનલાલે ખરાંટી પહોંચી, બેચરદાસ શેઠને ત્યાં ભગવાનનાં દર્શન કર્યાં. પછી તેમણે બેચરદાસ શેઠને સ્વપ્ન વગેરેની હકીકત કહી તેમ જ કહ્યું કે–'તમારે ભગવાનને અહીં રાખીને ફરી અંજન વગેરેનો ખર્ચ કરવો હોય તો તમે જાણો, નહિ તો અમારે ત્યાં માતરમાં ઉત્સવ થવાનો છે ને બધી જોગવાઈ છે, માટે અમને આપો.' બેચરદાસ શેઠ માની ગયા, એટલે સાંકળચંદે નાહી સ્વચ્છ કપડાં પહેરીને પ્રભુજીને એક સ્વચ્છ કપડાથી ઢાંકીને જાતે જ ઉપાડી લીધા.

ભગવાનને લઈને તેઓ બરોડા આવ્યા, એટલે પાછા વણકરો ભેગા થઈ ગયા અને દર્શન કરાવવાનો આગ્રહ કરવા લાગ્યા. માતરના શ્રાવકોએ અવસરોચિત રીતિએ કહ્યું કે– 'અહીં રસ્તામાં દર્શન ન થાય, માટે દર્શન કરવાં હોય તો વારસંગ ચાલો.'

પછી માતરના શ્રાવકો વગેરે વારસંગ આવ્યા. બરોડાના વણકરો પણ વારસંગ આવ્યા. પ્રભુને નાથાલાલ શેઠના ઘરમાં પધરાવાયા. હવે સૌએ નિરાંતે પ્રભુભક્તિ કરી. વણકરોને પણ સારી રીતિએ દર્શન કરાવીને અને સંતોષ આપીને વિદાય કર્યા. નાથાલાલ શેઠે બધા સાધર્મિકોની ભક્તિ કરી અને એક રાત પ્રભુને પોતાને ત્યાં રાખવાની વિનંતિ કરી. એ મુજબ ભગવાનને નાથાલાલ શેઠના ઘરમાં રહેવા દઈને માતરવાળા ભાઈઓ માતર આવી પહોંચ્યા.

વિ. સં. ૧૯૬૦ ના મહા સુદી ૧૩ ના દિવસની આ વાત છે. ભગવાન મળી ગયાના સમાચારથી સૌને ભારે આનન્દ થયો. એ દિવસે કુદરતી રીતિએ જ પૂ. મુનિરાજ શ્રી બુદ્ધિવિજયજી મહારાજ માતરમાં વિરાજમાન હતા. તેમની પાસે ભગવાનને પ્રવેશ કરાવવાનું મુહૂર્ત્ત જોવડાવીને, બીજે દિવસે–મહા સુદી ૧૪ ના શુભ દિને બપોરે ત્રણ વાગે બહુ ઠાઠથી સામૈયું કરવા પૂર્વક ભગવાન શ્રી સુપાર્શ્વનાથસ્વામિજીના બિમ્બને માતરમાં પ્રવેશ કરાવાયો. શા. ફુલચંદ કાળીદાસની નવી દુકાનમાં બે કલાક ભગવાનને પધરાવીને, ત્યાર બાદ પહેલાં શ્રી સુમતિનાથ ભગવાનને જે ઓરડીમાં મહેમાન તરીકે પધરાવ્યા હતા, તે જ ઓરડીમાં આ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને પધરાવ્યા.

હવે એ જ વર્ષમાં માતરના વતની શેઠ બેચરદાસ મોતીલાલનાં ગં. સ્વ. ધર્મપત્ની પારવતીબાઇએ માતરના શ્રી સુમતિનાથ પ્રભુના દેરાસરમાં નવો ગોખલો કરાવેલો અને તેમાં પોતાની નામરાશિથી આવતા શ્રી ચન્દ્રપ્રભસ્વામી પ્રભુને પધરાવવાનો નિર્ણય કરેલો; પરન્તુ પછી એ બ્હેનને એમ જ થયું કે–મારા કરાવેલા ગોખલામાં હું આ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને જ પધરાવું. માતરના શ્રીસંઘને પણ એ વાત ગમી. આથી, તરત જ શા. રાયચંદ હઠીસિંગ અને શા. ચુનીલાલ ભીખાભાઇ ભગવાનને સુરત લઈ જઈને અંજન કરાવી આવ્યા અને વિ. સં. ૧૯૬૦ ના વૈશાખ સુદી ૧૫ ને શુક્રવારે સવારે દશ વાગે ભારે ધામધુમથી એ ગોખલામાં આ ભગવાન શ્રી

સુપાર્શ્વનાથસ્વામિજીને ગાદીનશીન કરવામાં આવ્યા. આ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાએલો તથા તે દિવસે શાન્તિ-સ્નાત્ર પણ ભણાવાએલું. અને એ બ્હેન તરફથી, આ દિવસોમાં ઉજમણું પણ કરાએલું. મહોત્સવનો, સાધર્મિક–વાત્સલ્યનો અને યાત્રિકોની ભક્તિનો લાભ, એ બ્હેને જ લીધો હતો.

## વિ. સં. ૧૯૮૩ માં—

આ પછી, એક વાર અમદાવાદનિવાસી દાનવીર ધર્મપ્રેમી શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ પોતાનાં ધર્મશીલ મહાપુણ્યાત્મા ધર્મપત્ની સૌ. માણેકબાઈ વગેરેની સાથે શ્રી માતર તીર્થના દર્શનાર્થે આવ્યા. ભમતીમાં દર્શન કરતાં તેમને દેરીઓ જિર્ણ થયેલી લાગી તેમ જ ઈંટ–ચુનાનું ચણતર હોઈને આકર્ષણમાં પણ ઘણી ખામી દેખાવા લાગી. આથી તેમણે તે જ વખતે પોતાના જ ખર્ચથી બધી દેરીઓનો ઉદ્ધાર કરીને બધી દેરીઓને આરસથી મઢવાનો પવિત્ર નિર્ણય કર્યો. માતરના શ્રીસંઘે એમના નિર્ણયને વધાવી લીધો અને ભગવન્તોને બીજે પધ-રાવીને, તરત જ દેરીઓના ઉદ્ધારનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. એ કામ ચાલુ હતું તે દરમ્યાન શેઠશ્રીનો સ્વર્ગવાસ થઇ જવા પામ્યો, પણ એમનાં ધર્મપત્ની ગં. સ્વ. શેઠાણી માણેકબાઇએ આ કામને બરાબર પૂરૂં કરાવ્યું અને બધી જ દેરીઓને સંગે-મરમરના શ્વેત પાષાણથી મઢેલી તૈયાર કરાવવામાં આવી. ત્યાર બાદ, આ દેરીઓમાં ભગવન્તોને ગાદીનશીન કરવાનો શુભ અવસર આવી પહોંચ્યો. ઘણી જ ધામધૂમ પૂર્વક અઠ્ઠાઈ

---

મહોત્સવ ઉજવીને, પ. પૂ. આ. શ્રી. વિજય નેમિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વિ. સં. ૧૯૮૩ ના મહા વદી ૫ ના

શુભ દિવસે ભમતીની દેરીઓમાં ભગવન્તોને ગાદીનશીન કરાયા. જિર્ણોદ્ધારાદિ આ શુભ કાર્યમાં શેઠ શ્રી જમનાભાઈ તરફથી આશરે પાંચ લાખ રૂપીઆનો ખર્ચ કરાયો.

આ રીતિએ ભમતીની દેરીઓના કરાએલા જિર્ણોદ્ધારના સમયે થયેલો એક અગત્યનો ફેરફાર અહીં અવશ્ય નોંધવા યોગ્ય છે. અગાઉ જણાવાયું છે કે–વાત્રક નદીના કાંઠેથી નીકળેલા અને બરોડા ગામના વણકર હસ્તક ગયેલા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના બિમ્બને લાવીને, અત્રેના શ્રી જિન-મન્દિરમાં એક ગોખમાં ગાદીનશીન કરવામાં આવેલ. ભમતીની દેરીઓના જિર્ણોદ્ધાર વખતે, ભમતીમાં એક જુદો ગભારો ( દેરી નં. ૪૩ ) કરાવીને, આ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના બિમ્બને એ ગભારામાં પધરાવેલ છે અને જે ગોખલામાં શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું બિમ્બ હતું, તે ગોખલામાં હાલમાં શ્રી આદીશ્વરજી ભગવાનનું બિમ્બ વિરાજમાન છે.

વિ. સં. ૨૦૦૭ માં—

ઉપર જણાવેલો જિર્ણોદ્ધાર થઈ ગયા બાદ, કોઈ એક વખતે પૂ. શ્રીસંઘસ્થવિર, શાન્ત–તપોમૂર્તિ, વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (તે અવસરે પં. શ્રી સિદ્ધિવિજયજી ગણીવર ) વિહાર કરતે કરતે આ શ્રી માતર તીર્થના દર્શનાર્થે પધાર્યા. તે વખતે દર્શન કરતાં, કુદરતી રીતિએ જ એ તપોમૂર્તિ આચાર્યદેવને થયું કે–શ્રી મૂળનાયક ભગવાન શ્રી સુમતિનાથ પ્રભુની બેઠકમાં કાંઇક ફેરફાર કરવાની જરૂર છે.

માતરથી તેઓશ્રી વિહાર તો કરી ગયા, પણ આ વાત

તેઓશ્રીના દિલમાં બરાબર ઘર કરી ગઈ હતી. વિ. સં. ૨૦૦૫માં તો આ વાત તેઓશ્રીને વારંવાર યાદ આવવા લાગી. આથી, તેઓશ્રીએ અમદાવાદ–ડોસીવાડાની પોળમાં આવેલી સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળાના ટ્રસ્ટીઓને પોતાના દિલની વાત કહી.

ભવિતવ્યતાના વશે, વિદ્યાશાળાના ટ્રસ્ટીઓને પણ શ્રી માતર તીર્થના જિનમન્દિરના મૂળ ગભારાના ઉદ્ધારનું કામ હાથ ધરવાનું મન થયું. શ્રી માતર તીર્થના વહીવટદારોએ અને શ્રી માતરના સંઘે પણ જરૂરી સહકાર આપવાનું કબૂલ કર્યું. પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવના સદુપદેશથી જિર્ણોદ્ધાર માટે જરૂરી નાણાંની સગવડ પણ થવા લાગી. આથી, જિર્ણોદ્ધારનું કામ શરૂ કરવાને માટે, પૂ. આચાર્યદેવશ્રીની પ્રેરણા અનુસાર, વિ. સં. ૨૦૦૬ ના માગશર સુદી ૬ ના શુભ દિવસે વિધિપૂર્વક ભગવાન શ્રી સુમતિનાથસ્વામિજી આદિ ભગવન્તોનાં શ્રી જિનબિમ્બોને ઉત્થાપીને, મંદિરમાં જ અન્યત્ર પધરાવવાની શુભ ક્રિયા કરાઇ.

ત્યાર બાદ, ગભારાની નીચે ખોદાવવા વગેરેનું કામ શરૂ થયું અને જમીનમાંથી અશુચિમય વસ્તુઓને દૂર કરવામાં આવી. લગભગ દોઢ લાખ રૂપીઆના ખર્ચે મૂળ ગભારો મોટા એક શિખર સહિત તૈયાર કરાવવામાં આવ્યો.

હવે ભગવાનને ગાદીનશીન કરવાનો શુભ અવસર આવી લાગ્યો. અનેક પુણ્યવાનોના સહકારથી આ નિમિત્તે મોટો ઉત્સવ ઉજવવાનું નક્કી થયું. આ ઉત્સવમાં આશરે પચાસ

હજાર રૂપીઆ ખર્ચાયા હતા.

આ શુભ પ્રસંગ ઉપર, પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવને સપરિવાર માતર પધારવાની આગ્રહભરી વિનંતિ કરાઈ અને પોતાની અતિશય વૃદ્ધાવસ્થા હોવા છતાં પણ તેઓશ્રીએ એ વિનંતિનો સ્વીકાર કર્યો.

આ ઉપરાન્ત, તેઓશ્રીની પણ પ્રબલ ઈચ્છા હતી અને વિદ્યાશાળાના ટ્રસ્ટીઓની પણ ખાસ ભાવના હતી કે–આ શુભ પ્રસંગ ઉપર–પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગત આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર–પૂ. સિદ્ધાન્તમહોદધિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટવિભૂષક–પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પધારે તો ઘણું સારૂં. વિદ્યાશાળાના ટ્રસ્ટીઓએ તેઓશ્રીની સેવામાં પણ હાજર થઈને માતર પધારવાની વિનંતિ કરી અને પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવશ્રીની ઈચ્છા જાણતાંની સાથે જ તેઓશ્રીએ વિદ્યાશાળાના ટ્રસ્ટીઓની વિનંતિનો સ્વીકાર કર્યો.

આ નિમિત્તે, માતરમાં વિ. સં. ૨૦૦૭ના ચૈત્ર વદી ૧૩ ના શુભ દિવસથી અટ્ઠાઈ મહોત્સવ શરૂ થયો. ચૈત્ર વદી ૧૪ના દિને પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવ પોતાના પટ્ટાલંકાર શાન્તમૂર્તિ સ્વર્ગત આચાર્યદેવ શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી મહારાજાના પટ્ટવિભૂષક–પૂ. સૌમ્યમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ આદિ પોતાના મુનિપરિવાર સાથે

તેમ જ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પણ પોતાના શિષ્ય–પ્રશિષ્યાદિ મુનિપરિવાર સાથે માતર પધાર્યા. ગુરૂપ્રવેશમહોત્સવ બહુ સારી રીતિએ ઉજવાયો.

મહોત્સવ દરમ્યાન, ખાસ બાંધેલા મોટા મંડપમાં, રોજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં પ્રભાવક પ્રવચનો થતાં હતાં. યાત્રિકો પણ સારી સંખ્યામાં એકત્રિત થયા હતા. એથી આ મહોત્સવમાં દેવદ્રવ્ય ખાતે કુલ ઉપજ લગભગ રૂા. ૫૭૦૦૦) અંકે સત્તાવન હજાર રૂપીઆની થવા પામી હતી.

વિ. સં. ૨૦૦૭ ના વૈશાખ સુદી ૫ ના શુભ દિવસે, નવા ગભારામાં, શ્રી સુમતિનાથ ભગવાન આદિ ભગવન્તોને આ પ્રમાણે મહોત્સવપૂર્વક ગાદીનશીન કરાયા.

આ શુભ અવસર ઉપર, હવે પછીથી આ તીર્થનો વહીવટ કરવાને માટે, માતરના શ્રીસંઘની ઇચ્છાથી અમદાવાદના આગેવાન ગૃહસ્થોની બનેલી એક કમીટીની નિમણુંક કરવામાં આવી અને એ કમીટીને બધો જ વહીવટ સુપ્રત કરાયો. હાલમાં આ કમીટીની વતી, અમદાવાદની સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળાના ટ્રસ્ટીઓ, બધો વહીવટ સંભાળે છે.

# સ્તવનો

## શ્રી માતરમંડન સાચા દેવ શ્રી સુમતિનાથ જિનનું ઐતિહાસિક સ્તવન

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ **દેશી** )

માતરમાં સુમતિનાથ સાચો દેવ છે,
સેવા કરવી પ્રભુજીની નિત્ય મેવ જો,
સુંહુંજ ગામના બારોટની ભૂમિ થકી,
પ્રગટ થયા સુપનું આપી તત ખેવ જો. **માતરમાં. ૧**

ગામ ગામના લોક મળ્યા બહુ સામટા,
લેઈ જવાને પોતપોતાને ગામ જો,
પણ માતરના શ્રાવકના પુન્યે કરી,
બળદ વિનાનું ગાડું વળીયું આમ જો. **માતરમાં. ૨**

બળદ જોડી પછી ખેડા પાસે ખંત શું,
આવ્યા ત્યારે સેઢી નદીમાં પૂર જો,
દેખી લોક પાછા વળવા ચાહતા હતા,
પણ બળદોને આવ્યું તિહાં અતિ સૂર જો. **માતરમાં ૩**

ઘણા લોક ગાડું અટકાવવા ઉપડયા,
પણ લોકો સાથે ગાડું તત્કાળ જો,
જોત જોતાંમાં પવન વેગથી ઉતર્યું,
સહિસલામત પ્રતિમા સાથ સંભાળ જો. **માતરમાં. ૪**

ચમત્કાર દેખીને સર્વ ચકિત થયા,
થયા વળી અચરજ માંહે ગરકાવ જો,
સાચા દેવ પાડ્યું તવ નામ સોહામણું,
સત્ય બનેલો દેખી એહ બનાવ જો. **માતરમાં.** ૫

અઢારસેં તેપનના શ્રાવણ માસમાં,
માતર માંહે પધાર્યા દેવ દયાળ જો,
ત્રણ શીખરનું દેહરૂં થયું ત્યાં દીપતું,
અઢારસેં ચોપનની સુંદર સાલ જો. **માતરમાં.** ૬

પ્રતિષ્ઠા મહોત્સવ કરી પ્રભુ પધરાવીઆ,
જેઠ સુદી ત્રીજ શુભ દિવસે ગુરૂવાર જો,
બાવન દેહરી બાંધવા માંડી તાહરે,
અટકાવે બચ્ચામીંયા ઈજારદાર જો. **માતરમાં.** ૭

પૈસા લઈ બીન હકના આપી રજા ખરી,
પણ રાત્રે પડ્યો ગેબી મીંયાને માર જો,
ઊંઘ ઉડી ગઇ તેથી તે ડરીઓ ઘણું,
દંડ સહિત દ્રવ્ય આપી નમે વારંવાર જો. **માતરમાં.** ૮

અઢારસેં સત્તાણુંમાં દેરીઓ તણી,
પ્રતિષ્ઠા થઇ ત્યારે ચાલીસ હજાર જો,
માણસની મેદની મળી હતી માતર વિષે,
અન્ય મતિએ પણ કીધી તસ સાર: જો. **માતરમાં.** ૯

ઈંટો ચુનાના ચૈત્યને જોઈ પથ્થર તથા,
આરસમય નિપજાવી કરે ઉદ્ધાર જો,

શેઠ જમનાભાઇ ને શેઠાણી માણેકબાઇ,
લાખો ખરચી ઉતરવા ભવપાર જો. **માતરમાં૦ ૧૦**

સંવત ઓગણીસેં એકાસી સાલમાં,
વસંત પંચમી પૂજા ભણાવી સાર જો,
લક્ષ્મીવિજય ગુરૂ પસાયે સ્તવન રચ્યું,
સાચા દેવનું હંસવિજય ધરી પ્યાર જો. **માતરમાં૦ ૧૧**

## માતર-મંડણ શ્રી સુમતિ-જિન-સ્તવન

તર્જ—સ્નેહે સ્નેહે હિંચોળું શ્રી ભગવાન.

ચાલો ચાલો પૂજીએ સુમતિનાથ—**માતર તીરથ જઈએ.**
સાચા સાચા વંદીએ જગના તાત—**માતર તીરથ જઈએ.**
આપ પ્રભુના દરિશન કરવા,
જન્મ મરણનાં દુઃખ વિસરવા,
આવે આવે યાત્રાએ લોક અપાર—**માતર તીરથ જઈએ.**

મન વાંછિત ફળ માગ્યાં આપે,
ભક્ત જનોનાં દુઃખડાં કાપે,
દેખ્યો દેખ્યો અજબ ચમત્કાર—**માતર તીરથ જઈએ.**

દૂર દેશાંતરથી સહુ આવે,
ભાવિક જન બહુ ભાવે ભાવે,
ગાજે ગાજે જિણંદ જય જયકાર—**માતર તીરથ જઈએ.**

તુમ નામે દુઃખ દોહગ ટળીયાં,
ભવિક જનોનાં કારજ સરીયાં,
વંદે વંદે ચંદુ તુજ વાર....હજાર—**માતર તીરથ જઈએ.**

## શ્રી સાચા દેવ વિષે ભક્તિરસઝરણાં

( રાગ—પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે )

પ્રભુજી સાચા સુમતિ જીણંદ કે, માતર જઇ વસ્યા રે લોલ,
મનહર મુખડું પ્રભુજીનું દેખી, અંતર અતિ હસ્યા રે લોલ.
પ્રભુજી ૧

શીતળ ચક્ષુ અમીરસ ઝરણાં, સાગર દયા તણા રે લોલ,
સેવા સાચા દેવની કરતાં, ભવિયા ભવ તર્યાં રે લોલ.
પ્રભુજી ૨

દેખી લાખ ચમત્કારો પ્રભુ, આપને ઓળખ્યા રે લોલ,
ગાજે જય જયકાર તમારો, દિગદિગ વિશ્વમાં રે લોલ,
પ્રભુજી ૩

નાથ નિરંજન તુજ ચરણોમાં, સેવક લળી લળી રે લોલ,
વંદે વાર હજાર વિનયથી, ભકતે વળી વળી રે લોલ.
પ્રભુજી ૪

માતા મંગળાજીના જાયા, દરિસન આપજો રે લોલ,
અમીચંદ આત્મજ ચંદુ કેરા, ભવદુઃખ કાપજો રે લોલ.
પ્રભુજી ૫

# શ્રી માતર તીર્થમાં ઉજવાતી તિથિઓ

૧. સામાન્ય રીતિએ દરેક પૂનમે યાત્રિકોની સંખ્યા ઠીક પ્રમાણમાં આવે છે અને યાત્રિકોને દર પૂનમે ભાતું અપાય છે.

૨. **કાર્તિક સુદી ૨**—ખેડાનો સમસ્ત સંઘ યાત્રાર્થે આવે છે અને કેટલીક વાર ભાવિકો તરફથી ભાતું પણ વહેંચાય છે.

૩. **કાર્તિક સુદી ૧૫**—ગામે ગામથી મોટી સંખ્યામાં યાત્રિકો આવે છે. બપોરના વરઘોડો ચડે છે. શ્રી જિનમન્દિરેથી નીકળીને ગામમાં ફરી, વરઘોડો ગામ બહાર અડધા માઇલ ઉપર શ્રી આદીશ્વરજી ભગવાનનાં પગલાંની દેરી છે ત્યાં જાય છે. ત્યાં શ્રી સિદ્ધગિરિજીનો પટ બંધાય છે. સમગ્ર સંઘ દર્શનાર્થે ત્યાં જાય છે અને શ્રી નવ્વાણું પ્રકારી પૂજા ભણાવાય છે.

૪. **મહા વદી ૫**—ભમતીની દેરીઓની વર્ષગાંઠ નિમિત્તે નવી ધ્વજાઓ ચઢાવાય છે અને અંગરચનાદિ થાય છે.

૫. **ચૈત્ર સુદી ૧૩**—વર્ત્તમાન તીર્થાધિપતિ ભગવાન શ્રી મહાવીર દેવના જન્મ-કલ્યાણક નિમિત્તે અંગરચનાદિ થાય છે.

૬. **ચૈત્ર સુદી ૧૫**—ગામે ગામથી ઘણી મોટી સંખ્યામાં યાત્રિકો આવે છે અને અંગરચનાદિ થાય છે.

૭. **વૈશાખ સુદી ૫**—મૂળ મંદિરના નવા ગભારાની વર્ષગાંઠ નિમિત્તે શિખર ઉપર નવી ધ્વજા ઉછામણી બોલીને ચઢાવાય છે. બપોરે પૂજા ભણાવી અંગરચનાદિ કરાવાય છે.

૮. **જેઠ વદી ૧ અને ૨**—અમદાવાદના રાણીના હજીરાના રંગાટી કાપડ મહાજનનો સંઘ દર વર્ષે આવે છે. એ દિવસ પૂજા—આંગી—ભાવનાદિ થાય છે.

# શ્રી માતર તીર્થની યાત્રાએ આવનારાઓને

# માર્ગદર્શન

★

૧. શ્રી જિનમન્દિરની સામે જ મોટી ધર્મશાળા છે, જેમાં વાસણ તથા ગોદડાં વગેરેની તેમ જ સ્નાનાદિની સગવડ કરાએલી છે.

૨. આ ધર્મશાળામાં જ "શ્રી માતર તીર્થ જૈન ભોજનશાળા" વિ. સં. ૨૦૦૬ થી ચાલુ છે અને તેમાં યાત્રિકોની બનતી બધી સગવડ સાચવવામાં આવે છે.

૩. શ્રી માતર તીર્થે આવવા માટે—

* નડીઆદ સ્ટેશન પાસેથી માતરની બસ સર્વીસ ચાલુ છે. આખો દિવસ આશરે કલાકે કલાકે મોટરબસ ઉપડે છે.

* અમદાવાદથી બોમ્બે સ્ટેટ ટ્રાન્સપૉર્ટની મોટરો હાલ જે વીકટોરીયા ગાર્ડન પાસેથી ઉપડે છે, તેમાં રોજ છ વાર અમદાવાદથી માતર આવવાની અને રોજ છ વાર માતરથી અમદાવાદ જવાની બસો દોડે છે.

* ખંભાતથી, પેટલાદથી, તારાપુરથી, સોજીત્રાથી, ધોલકાથી અને મહેમદાવાદથી માતર આવવાની બસો મળે છે.

૪. હાલ બસ-સર્વીસમાં નીચે જણાવેલું ભાડું છે:—

| | | | | |
|---|---|---|---|---|
| નડીઆદથી માતરના ... | ... | ... | રૂા. | ૦-૧૦-૦ |
| અમદાવાદથી માતરના ... | ... | ... | રૂા. | ૧—૪-૦ |
| તારાપુરથી માતરના ... | .. | ... | રૂા. | ૦-૧૩-૦ |
| ધોળકાથી માતરના ... | ... | ... | રૂા. | ૦-૧૨-૦ |
| મહેમદાવાદથી માતરના... | ... | ... | રૂા. | ૦-૧૦-૦ |

### શ્રી માતર તીર્થની ભક્તિમાં

# પુણ્યવાનોને લાભ લેવાના સુઅવસરો

| | | |
|---|---|---|
| ૧. | ઘીના અખંડ દીપકની કાયમી તિથિના ... | ... રૂા. ૧૦૧ |
| ૨. | ઘીના અખંડ દીપકની કોઈ એક તિથિના | ... રૂા. ૭ |
| ૩. | બાદલાની અંગરચનાની કાયમી તિથિના... | ... રૂા. ૧૦૧ |
| ૪. | બાદલાની અંગરચનાની કોઈ એક તિથિના | ... રૂા. ૬ |
| ૫. | માત્રિકો માટે ચાલુ ભોજનશાળામાં આવતી ખાધને અંગે કાયમી તિથિના... | ... રૂા. ૧૨૫ |

ઉપર જણાવ્યા મુજબ તિથિઓ નોંધાવવા માટે,

નાણાં ભરી પાવતી મેળવવા માટે

– અથવા તો –

આ તીર્થ સંબંધી કોઈ પણ વિગત જાણવા માટે,

મળો અગર લખો :


૧. **શ્રી માતર સાચા દેવ તીર્થકમીટી,**

C/O. સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળા,

દોસીવાડાની પોળ : અમદાવાદ

૨. **શ્રી સાચા દેવ કારખાનું,**

મું. માતર, જી. ખેડા (ગુજરાત)



મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ

શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ : ઘીકાંટા રોડ : અમદાવાદ